| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭/ ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭/ ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૨/ ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

# મે. મહેસાણાના એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૪/૨૦૨૬.**
આંક–૦૯.

અરજદારઃ– ૧. **પ્રવિણભાઇ ઇશ્વરભાઇ સેનમા,**
ઉં.વ.આ.– ૪૮, ધંધો.– પ્રાઇવેટ નોકરી,
રહે.– બેચરપુરા,
તા.– વિસનગર, જી.– મહેસાણા.

**વિ રૂ ધ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી | એસ. એમ. પરમાર. |
| સામાવાળા તરફે વિદ્ધાન એડિ.પી.પી. શ્રી | જે. બી. રાજપુત. |

## --// ઠ રા વ //--

(૧).. આ કામના અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ દાખલ કરીને વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૦૩૦/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૦૮, ૫૪ મુજબનો ગુનો

અરજદાર/આરોપી સામે તા.૧૪–૦૧–૨૦૨૬ના રોજ નોંધાયેલ છે. જે કામમાં અરજદાર/આરોપીની વિસનગર તાલુકા પોલીસે અટક કરી નામદાર ટ્રાયલ કૉર્ટમાં રજુ કરતાં નામદાર ટ્રાયલ કૉર્ટે અરજદાર/આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલેલ છે. જેથી અરજદાર/આરોપીએ હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલી છે.

(૨).. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી માત્ર શંકાના આધારે અરજદાર/આરોપીની અટક કરે તેમ છે. તેમજ અરજદાર/આરોપીએ કોઇની સાથે ઝઘડો કરેલ નથી કે કોઇપણ પ્રકારનો ત્રાસ આપેલ નથી કે કોઇને આત્મહત્યા કરવા માટે પ્રેરીત પણ કરેલ નથી. અરજદાર/આરોપી પ્રાઇવેટ નોકરી કરનાર વર્ગના વ્યક્તિઓ છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે તેમજ તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો અરજદારોનું ભવિષ્ય ખોરવાઇ જાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર કૉર્ટ ફરમાવે તેવી રકમના

સધ્ધર જામીન આપવા તૈયાર છે. વધુમાં જણવેલ છે કે, આરોપીનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી. જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના અન્ય સહ આરોપીને ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૩૬/૨૦૨૬ ના કામે જામીન મુક્ત કરવામાં આવેલ હોય તેમજ આ કામના અન્ય સહ આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્ધારા R/Criminal Misc. Application (For Regular Bail–Befor Chargesheet) No.–5505/2026, Da.06–03–2026 ના કામે જામીન મુક્ત કરવામાં આવેલ હોય હાલના અરજદર/આરોપીને લો ઓફ પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી વિદ્ધાન પબ્લીક પ્રોસીક્યુટર શ્રી જે. બી. રાજપુતનાઓ હાજર થયેલા છે અને તપાસ કરનારનું સોગંદનામું આંક–૦૬ થી રજુ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, આ કામે હકિકત એવી છે કે, ઉપરોક્ત બતાવેલ તારીખે અને ટાઇમ અને જગ્યાએ આ કામના ફરિયાદીના સગા ભાઇ (મરણજનાર) લક્ષ્મણભાઈ દલપતરામ પરમાર, ઉ.વ.આ.–૪૨નાઓને તેમના મરજનાર પત્ની સુમીત્રાબેન તથા સાસુ નર્મદાબેન વિરાભાઇ સેનમા તથા તેમના સાળી ઉર્મીલાબેન પ્રવિણભાઇ સેનમા રહે.–બેચરપુરા તથા સાળી ગીતાબેન ભીખાભાઇ સેનમા, રહે.– સામેત્રા, તા.–વિસનગર તથા સાળા ચૌહાણ અશોકભાઇ રાજગઢથી આવેલ મરણજનારના સાઢુ પ્રવિણભાઇ સેનમા, રહે.– બેચરપુરાનાઓએ ભેગા મળી ફરિયાદીના ભાઇ મરણજનાર લક્ષ્મણભાઇ સાથે ઝધડો કરી તેમને માર મારી અને સુમીત્રાબેન તથા સાસુ નર્મદાબેને ફરિયાદીના ભાઇ

પાસે અવાર નવાર પૈસાની માંગણી કરી હેરાન પરેશાન કરી ફરિયાદીના। ભાઇને આત્મહત્યા કરવાનું દુષ્પ્રેરણ કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીનું નામ અન્ય સહ આરોપીના નિવેદનમાં ખુલવા પામેલ છે. તેમજ આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ગુનો કરવાળાને પ્રોત્સાહન મળી રહે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે તેમજ ફરીવાર આવા પ્રકારના ગુના આચરશે તેમજ સાહેદોના દામ દંડ ભેદ નીતીથી ફોડી નાખી પુરાવા સાથે ચેડાં કરીને કેસને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત નહી કરવા રજુઆત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપીની અગાઉ ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૫૩/૨૦૨૬ની નામંજુર કરવામાં આવેલ છે. જેથી હાલની જામીન અરજી નામંજુર કરવ વિનંતી કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા એફ. આઇ. તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

આ કામે મુળ ફરિયાદી તરફે આંક–૦૭થી સોગંદનામું કરી અરજદારને જામીન મુક્ત કરવા સામે સખ્ત વાંધો હોવાની રજુઆત કરી એવી હકીકત જણાવેલ છે કે, અરજદારને જામીન ઉપર મુક્ત કરવામાં આઆવે તે તેઓ નાસતા ભાગતા ફરતા આરોપીઓને મદદ કરી શકે તેમ છે તથા લાગવગ તથ લાંચ રૂશ્વતના આધારે પુરાવાનો ના।શ કરી શકે તેમ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. જે ફરિયાદીની રજુઆત ધ્યાને લેવામાં આવેલ છે.

(૫).. બંન્ને પક્ષકારો તરફેની સમગ્ર રજુઆત તથા તેમજ અરજદાર/આરોપી સામે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૦૩૦/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૬).. વધુમાં આ કામના ફરિયાદીના સગા ભાઈ (મરણજનાર) લક્ષ્મણભાઈ દલપતરામ પરમાર, ઉ.વ.આ.–૪૨નાઓને તેમના મરજનાર પત્ની સુમીત્રાબેન તથા સાસુ નર્મદાબેન વિરાભાઈ સેનમા તથા તેમના સાળી ઉર્મીલાબેન પ્રવિણભાઈ સેનમા રહે.–બેચરપુરા તથા સાળી ગીતાબેન ભીખાભાઈ સેનમા, રહે.– સામેત્રા, તા.–વિસનગર તથા સાળા ચૌહાણ અશોકભાઈ રાજગઢથી આવેલ મરણજનારના સાઢુ પ્રવિણભાઈ સેનમા, રહે.– બેચરપુરાનાઓએ ભેગા મળી ફરિયાદીના ભાઈ મરણજનાર લક્ષ્મણભાઈ સાથે ઝઘડો કરી તેમને માર મારી અને સુમીત્રાબેન તથા સાસુ નર્મદાબેને ફરિયાદીના ભાઈ પાસે અવાર નવાર પૈસાની માંગણી કરી હેરાન પરેશાન કરી ફરિયાદીનાા ભાઈને આત્મહત્યા કરવાનું દુષ્પ્રેરણ કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીનું નામ એફ. આઈ. આર. માં નથી તેમનું નામ નિવેદનમાં ખુલવા પામેલ છે.

(૭).. વધુમાં આ જ ગુનાના સહ આરોપીને ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૩૬/૨૦૨૬ ના કામે જામીન મુક્ત કરવામાં આવેલ હોય તેમજ આ કામના અન્ય સહ આરોપીને નામદાર ગુજરાત હાઈકૉર્ટ દ્વારા R/Criminal Misc. Application (For Regular Bail–Befor Chargesheet) No.–5505/2026, Da.06–03–2026 ના કામે જામીન મુક્ત કરેલ છે જેથી હાલના અરજદાર/આરોપીનો

ગુનામાં રોલ ધ્યાને લઇ નામદાર ગુજરાત હાઇકૉર્ટનો ચુકાદો રમેશભાઇ બટુકભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાતો ધ્યાને લઇ અરજદારને લો ઓફ પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરવા યોગ્ય જણાય છે.

(૮).. વધુમાં નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો સંજય ચંન્દ્રા વિ. સી.બી.આઇ.ના ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇ તથા હાલના આરોપી સ્થાનીક રહીશ છે જે જોતાં તેની ટ્રાયલના કામે હાજરી સુનીશ્ચીત જણાય છે તથા તેની સામે કોઇ ગુનાહિત ભુતકાળ નથી. તે તમામ હકીકતો ધ્યાને લઇ હાલના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયેની વિવેકબુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય જણાતું હોય. અરજદાર/આરોપીની જામીન અરજી સબબ નીચે મુજબનો હુકમ કરૂ છું.

### /// હુકમ ///

(૧).. પ્રસ્તૃત કામના અરજદાર/ આરોપી, **પ્રવિણભાઇ ઇશ્વરભાઇ સેનમા,** ઉં.વ.આ.– ૪૮, ધંધો.– પ્રાઇવેટ નોકરી, રહે.– બેચરપુરા, તા.– વિસનગર, જી.– મહેસાણાવાળાઓની વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૦૩૦/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૦૮, ૫૪ મુજબના ગુનાના કામે આરોપીને રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરેથી નીચેની શરતોની આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**(૧)** અરજદાર/આરોપીએ પોતાના ઓળખ અંગેના તથા હાલના તેમજ કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ

કરવાના રહેશે તથા અદાલતની પુર્વ પરવાનગી સિવાય સરનામું બદલવું નહી.

(૨) અરજદાર/આરોપીએ આવા પ્રકારના કે બીજો કોઈપણ પ્રકારના ગુન્હા કરવા નહી કે આચરવા નહિ.

(૩) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઈપણ રીતે ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી તથા ટ્રાયલ પુરી થતાં સુધી નિયમીતપણે કૉર્ટમાં હાજર રહેવાનું રહેશે.

(૪) અરજદાર/આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો ટ્રાયલ કૉર્ટ જરૂરી કાર્યવાહી કરી શકશે.

**(૧૦) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી અંગ્રેજી માસની ૦૧લી તારીખ થી ૧૦મી તારીખ સુધી સબંધીત પોલીસ સ્ટેશનમાં સવારના કલાક ૧૦–૦૦ થી બપોરના કલાક ૦૨–૦૦ વાગ્યા સુધી નિયમીત પણે હાજરી પુરાવવી.**

– જામીન નીચેની કૉર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કૉર્ટ તથા જે તે પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૨મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.